Extra No. 176

REGISTERED NO. L 2/RNP/G/GNR-84
વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૦૦૦/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

Vol. LV] WEDNESDAY, OCTOBER 1, 2014/ASVINA 9, 1936

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

**PART IX**

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧લી ઓક્ટોબર, ૨૦૧૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના ગૃહ વિભાગ-ના તારીખ : **૧૭મી જુલાઈ, ૨૦૧૪**ના સરકારી **જાહેરનામા ક્રમાંક : જીજે/૬૨/૨૦૧૪/જીએચઆરસી-૧૨૨૦૧૨/૩૫૯/એચઆર**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

વી. આર. શેઠ,
સરકારના સંયુક્ત સચિવ.

જા.ક. ૨૮૫૪૭૦૧૨

**Notification**

***Regarding***

**The Gujarat State Human Rights Commission Chairperson and Members (Salaries, Allowances and Other Conditions of Service) Rules, 2014.**

**ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગના અધ્યક્ષ અને સભ્યોના (પગાર, ભથ્થાં અને સેવાની બીજી શરતો બાબત) નિયમો, ૨૦૧૪ સંબંધી**

**જાહેરનામું**

**ગૃહ વિભાગ,**

**સચિવાલય, ગાંધીનગર, ૧૭મી જુલાઈ, ૨૦૧૪.**

**માનવ અધિકાર સંરક્ષણ અધિનિયમ,૧૯૯૩.**

**ક્રમાંક : જીજે/૬૨/૨૦૧૪/જીએચઆરસી-૧૨૨૦૧૨/૩૫૯/એચઆર :-** માનવ અધિકાર સંરક્ષણ અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૪ના ૧૦મા)ની કલમ ૨૬ સાથે વાંચતા કલમ ૪૧થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી નીચેના નિયમો કરે છે :-

૧. **ટૂંકી સંજ્ઞા અને આરંભ :-** આ નિયમો ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગના અધ્યક્ષ અને સભ્યોના (પગાર, ભથ્થાં અને સેવાની બીજી શરતો બાબત) નિયમો, ૨૦૧૪ કહેવાશે.

૨. વ્યાખ્યા :- (૧) આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો;-

(ક) ''અધિનિયમ'' એટલે માનવ અધિકાર સંરક્ષણ અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૪નો ૧૦મો);

(ખ) ''અધ્યક્ષ'' એટલે અધિનિયમની કલમ ૨૨ હેઠળ નીમાયેલા આયોગના અધ્યક્ષ;

(ગ) ''આયોગ'' એટલે અધિનિયમની કલમ ૨૧ની પેટા-કલમ (૧) હેઠળ રચાયેલું ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગ;

(ઘ) ''સભ્ય'' એટલે અધિનિયમની કલમ ૨૨ હેઠળ નીમાયેલો આયોગનો સભ્ય.

(૨) આ નિયમોમાં વપરાયેલા પણ વ્યાખ્યાયિત કરેલ ન હોય તેવા શબ્દો અને શબ્દપ્રયોગોનો અર્થ અધિનિયમમાં તેમનો જે અર્થ કરવામાં આવ્યો હોય તે પ્રમાણેનો જ રહેશે.

૩. પગાર :-

(૧) અધ્યક્ષને, વખતોવખત સુધાર્યા પ્રમાણે ઉચ્ચ ન્યાયાલય ન્યાયાધીશ (પગાર અને નોકરી-શરતો) અધિનિયમ, ૧૯૫૪ પ્રમાણે ઉચ્ચ ન્યાયાલય (હાઈકોર્ટ)ના મુખ્ય ન્યાયામૂર્તિના પગાર અને ભથ્થાંને સમાન પગાર અને ભથ્થાં ચૂકવવામાં આવશે;

(૨) સભ્યને, વખતોવખત સુધાર્યા પ્રમાણેના ઉચ્ચ ન્યાયાલય ન્યાયાધીશ (પગાર અને નોકરી-શરતો) અધિનિયમ, ૧૯૫૪ પ્રમાણે ઉચ્ચ ન્યાયાલય (હાઈકોર્ટ)ના ન્યાયાધીશના પગાર અને ભથ્થાને સમાન પગાર અને ભથ્થાં ચૂકવવામાં આવશે:

પરંતુ, અધ્યક્ષ અથવા સભ્ય, તેમની નિમણૂકના સમયે, કોઈ પેન્શન મેળવતા હોય અથવા તે મેળવવાને પાત્ર હોય અને સંઘ સરકાર અથવા તેમણે રાજ્ય સરકારના તાબા હેઠળની અગાઉની કોઈ સેવાના સંબંધમાં, (અશક્તતા પેન્શન અથવા ઈજા પેન્શન સિવાયનું) પેન્શન લેવા અથવા મેળવવા માટેનો વિકલ્પ લીધેલ હોય તો, અધ્યક્ષ અથવા યથાપ્રસંગ સભ્ય તરીકેની સેવાના સંબંધમાં તેમનો પગાર;-

(ક) તે પેન્શનની રકમ જેટલો;

(ખ) તેઓ, હોદ્દો સંભાળે તે પહેલાં, આવી અગાઉની સેવાના સંબંધમાં તેમને મળવાપાત્ર પેન્શનના હિસ્સાને બદલે તેની રૂપાંતરિત રકમ મેળવેલ હોય તો, પેન્શનના તે હિસ્સાની રકમ જેટલો, અને

(ગ) તેમના દ્વારા લેવામાં આવતો હોય અથવા ઉપયોગ કરવામાં આવતા અથવા લેવામાં આવવાના હોય અથવા ઉપયોગ કરવામાં આવવાના હોય તેવા સેવા નિવૃત્તિ-લાભોના કોઈ બીજા સ્વરૂપ જેટલો,

ઘટાડવામાં આવશે.

૪. રજા :- (૧) અધ્યક્ષ અથવા સભ્ય નીચે પ્રમાણેની રજા મેળવવા માટે હકદાર થશે :

(૧) સેવાના દરેક પૂરા થયેલા અંગ્રેજી (કેલેન્ડર) વર્ષ અથવા તેના ભાગ માટે ત્રીસ દિવસના દરે પ્રાપ્ત રજા;

(૨) સેવાના દરેક પૂરા કરેલ વર્ષના સંબંધમાં વીસ દિવસના દરે તબીબી પ્રમાણપત્રના આધારે અથવા અંગત બાબતોને કારણે આધારે અર્ધ પગારી રજા અને અર્ધ પગારી રજા માટેનો રજા પગાર, પ્રાપ્ત રજા દરમિયાન મળવાપાત્ર અર્ધ પગારી રજા પગારને સમકક્ષ રહેશે;

(૩) અર્ધ પગારી રજા તબીબી કારણસર લેવામાં આવી હોય અને સક્ષમ તબીબી સત્તાધિકારી પાસેથી મેળવેલ તબીબી પ્રમાણપત્રથી તેનું સમર્થન કરવામાં આવ્યું હોય તો, અધ્યક્ષ અથવા સભ્યની વિવેકબુધ્ધિ અનુસાર તેને પૂર્ણ પગારી રજામાં રૂપાંતરિત કરી શકાશે;

(૪) હોદ્દાની એક મુદતમાં મહત્તમ એક સો એંસી દિવસ સુધીની પગાર અને ભથ્થાં સિવાયની અસાધારણ રજા.

(૨) અધ્યક્ષ અને સભ્ય, રાજ્ય આયોગમાં તેમના હોદ્દાની મુદત પૂરી થયેથી, આ પેટા-નિયમ હેઠળ અથવા યથાપ્રસંગ, અગાઉની સેવામાંથી સેવા-નિવૃત્ત થયાના સમયે રોકડમાં લીધેલ અથવા એક સાથે લીધેલ મહત્તમ રજા કોઈપણ કિસ્સામાં, ૩૦૦ દિવસથી વધુ હોવી જોઈશે નહિ એ શરતને અધીન રહીને, તેમની જમા રહેલી પ્રાપ્ત રજાના સંબંધમાં રજા પગારને સમકક્ષ રોકડ રકમ મેળવવા હકદાર થશે.

(૩) અધ્યક્ષ અને સભ્ય, આયોગમાંથી તેમનો હોદ્દો છોડ્યાની તારીખે અમલમાં હોય તેવા દરે પેટા-નિયમ (૨) હેઠળ રજા પગાર ઉપર મળવાપાત્ર મોંઘવારી ભથ્થું મેળવવા હકદાર થશે :

પરંતુ તેઓ આવી રજા ઉપર શહેર વળતર ભથ્થું/સ્થાનિક વળતર ભથ્થું અથવા કોઈ બીજા ભથ્થાં મેળવવા હકદાર થશે નહિ.

૫. રજા મંજૂર કરનાર સક્ષમ સત્તાધિકારી :- અધ્યક્ષ અથવા સભ્યની રજા મંજૂર કરવાની અથવા તેનો ઈનકાર કરવાની અને તેમને મંજૂર કરેલ રજા પાછી ખેંચવાની અથવા તે ઓછી કરવાની સત્તા રાજ્યપાલમાં નિહિત થશે.

૬. પ્રવાસ ભથ્થાં :- અધ્યક્ષ અને સભ્ય, (આયોગમાં જોડાવા માટે અથવા આયોગમાંની તેમની મુદત પૂરી થયેથી તેમના વતન તરફ જવા માટે કરેલ મુસાફરી સહિત) પ્રવાસમાં હોય ત્યારે, અનુક્રમે ઉચ્ચ ન્યાયાલય (હાઈકોર્ટ)ના મુખ્ય ન્યાયામૂર્તિ અને ન્યાયાધીશને મળવાપાત્ર હોય તેવા જ ધોરણોએ અને તે જ દરોએ પ્રવાસ ભથ્થું, અંગત માલસામાનની હેરફેર માટેના ભથ્થાં, દૈનિક ભથ્થાં અને બીજા સમાન લાભો મેળવવા હકદાર થશે.

૭. બીજી બોલીઓ અને શરતો :- અધ્યક્ષ અને સભ્યની સેવા, ભાડા મુક્ત નિવાસ, રજા પ્રવાસ રાહત, વાહન ભથ્થાં, વીજળી અને પાણી ખર્ચ, ટેલિફોન ખર્ચ, વર્તમાન પત્રો અને સામાયિક (મેગેઝિન) ખર્ચ, નિવાસી પરિચરોની સુવિધા, તબીબી સારવારની સુવિધા, સત્કાર ભથ્થાં, વળતર ભથ્થું, સલામતી, કોમ્પ્યુટરો વગેરેની હકદારી જેવા લાભો અને સુવિધાઓની શરતો, જે માટે આ નિયમોમાં કોઈ જોગવાઈ કરવામાં આવી ન હોય તો, તે, અનુક્રમે ઉચ્ચ ન્યાયાલય (હાઈકોર્ટ)ના મુખ્ય ન્યાયમૂર્તિ અને ન્યાયાધીશને મળવાપાત્ર હોય તેવા જ ધોરણોએ અને તેવા જ દરોએ રહેશે.

૮. નિયમોમાં છૂટછાટ આપવાની સત્તા :- રાજ્ય સરકારને, આ નિયમોની કોઈ જોગવાઈમાં છૂટછાટ આપવાની અને તેના અમલીકરણ અથવા અર્થઘટનમાં ઊભી થતી કોઈ મુશ્કેલી દૂર કરવાની સત્તા રહેશે.

૯. બોલીઓ અને શરતો માટેનો વિકલ્પ :- અધ્યક્ષ અથવા સભ્ય માટે નીચેના બે વિકલ્પો પૈકીનો કોઈ એક વિકલ્પ પસંદ કરવાની છૂટ રહેશે :-

(૧) આ નિયમોના આરંભ અગાઉ બહાર પાડેલા જાહેરનામા હેઠળ ઠરાવેલી અને નિમણૂકના સમયે અમલમાં હોય તે બોલીઓ અને શરતો, અથવા

(૨) આ નિયમો હેઠળ ઠરાવેલી બોલીઓ અને શરતો.".

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

**પી. એમ. જોષીયારા,**
સરકારના ઉપસચિવ.

---

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.